<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડી.જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.</u>

ક્રિમીનલ કેસ નં. ૨૩૮૩/૨૦૨૧
આંક:–

ફરિયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– લક્ષ્મણભાઇ ઉર્ફે ભુરો અમરાજી સોલંકી,
રહે–ધામતવાણ ગામ, દસક્રોઈ, અમદાવાદ.

ગુનો :– ગુજરાત નશાબંધી ધારા કલમ: 66(1)બી.

<u>ચુ કા દો</u>

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે મુંબઈ નશાબંધી ધારાની કલમ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આ કામે આરોપી ઉપર તહોમતનામું ફરમાવવામા આવેલ છે. આરોપીની પ્લી લેતા ગુના કબુલાત કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે.અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે.અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

## <u>: હુ ક મ :</u>

આરોપીને ગુજરાત નશાબંધી ધારા કલમ : 66(1)બી ના ગુના સબબ આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.100/– અંકે રૂપીયા એક સો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન : ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. 11 માહે: ડીસેમ્બર, સને:2021 ના રોજ જાહેર કર્યો.

મુ:અમદાવાદ.

I/C એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.